જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૧/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૨૧,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૩/૧૮

**સરખેજઃ** વજીરઅલી નીશારઅલી મોમીન (રહે.સુકુન સોસાયટી સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૨૮/૧/૧૮ સવારના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બુટ્ટી બે જોડી, સોનાની ચેઈન, સોનાનુ પેડલ, સોનાનુ નેકલેસ અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**કાગડાપીઠઃ** હસનઅલી જીવરાજ લાલાણી (રહે. ખોજા સોસાયટી વૈદમંદિરની બાજુમા ફુટબોલ ગ્રાઉન્ડ સામે કાંકરીયા) એ તા.૨૮/૧/૧૮ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧/૧૮ સવારના ૭/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી ચીજ-વસ્તુઓ મળી કુલ રૂપિયા ૫૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ. હુણ ચલાવે છે.

**<u>સાઈટ ઉપરથી પડી જતાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪/૧૮</u>**

**નિકોલઃ** ગુલેશ કરશનભાઇ ચૌધરી (ઉ.વ.૧૫)(રહે. શિવશક્તિ સોસાયટી ગોતા રોડ ચાંદલોડીયા) તા.૨૮/૧/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પિતા સાથે ભક્તિ સર્કલ પટેલ સમાજવાડી પાસે ધ ગ્રાન્ડ ઇસ્ટન્ડ ફ્લેટોની સાઇટ ઉપર ગયા હતા ત્યારે સાઈટ ઉપરથી પગ લપસી જતાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.